| PUBLICATION NAME : | Jay Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 06/02/2025 |
| PAGE : | 2 |


# આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (EDII), ઈન્ફીબીમ એવન્યુ લિમિટેડ અને ફ્રોનેટિક AI એ AI એક્સેલેરેટર પ્રોગ્રામ શરૂ કરવા માટે સહયોગ કર્યો

અમદાવાદ, : આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (EDII), અમદાવાદ; ઈન્ફીબીમ એવન્યુઝ લિમિટેડ અને ફ્રોનેટિક AI એ મળીને એક અનોખો EDII-ઈન્ફીબીમ AI એક્સેલેરેટર પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ ખાસ કાર્યક્રમને AI અને ML ના લાભોનો વિસ્તાર કરીને સ્ટાર્ટઅપ્સ અને MSME ને સશક્ત બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.આ નવીન ત્રણ મહિનાનો પ્રોગ્રામ ૧૦ માર્ચ, ૨૦૨૫ થી શરૂ થશે અને તે સહભાગીઓને બજારને સમજીને, વ્યવસાયિક ચિંતાઓને દૂર કરવા, પ્રોગ્રેસ/પ્રોડક્ટ્સ/સર્વિસીસમાં સુધારો કરીને અને ડેટા/બજાર-સંચાલિત નિર્ણયો લઈને તેમના કાર્યોને ઑપ્ટિમાઈઝ કરવા માટે AI/ML ટેકનોલોજીનો ઉપયોગ કરવાની તાલીમ આપશે. સ્ટાર્ટઅપ્સ, MSMEs, ચીફ ટેકનોલોજી ઓફિસર્સ અને મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો પાસે હવે વ્યવસાયિક શ્રેષ્ઠતા અને વૃદ્ધિ માટે AI અને ML ની શક્તિનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવાની તક હશે.

આ પ્રોગ્રામ વિશે EDII ના ડિરેક્ટર જનરલ, ડૉ. સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, AI અને ML સ્ટાર્ટઅપ્સ અને અન્ય વ્યવસાયોને અસંખ્ય તકો પ્રદાન કરી શકે છે. આ કાર્યક્રમના માધ્યમથી અમે નવીનતાઓ, વૃદ્ધિ અને સ્પર્ધાત્મક લાભોને વેગ આપવા માટે વ્યાપક વ્યવસાયિક પરિદ્રશ્યમાં અત્યાધુનિક ટેકનોલોજીને એકીકૃત કરી રહ્યા છીએ.''